# હે...! ભગવાન...

...લિ.
નિ:શબ્દ માનવી (તારું જ સર્જન)


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૭ | ૧૮ એપ્રિલ, ૨૦૨૧, રવિવાર; ચૈત્ર સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# અંતે, કુંભમેળાના સમાપનની જાહેરાત

## કુંભમેળા આયોજન સમિતિના કન્વીનર અવધેશાનંદજીએ કુંભમેળાના સમાપનની વિધિવત જાહેરાત કરી

હરિદ્વાર, તા.૧૭

દેશમાં વધતા જતા કોરોના સંક્રમણના પગલે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અપીલને ધ્યાને લઈ કુંભમેળા આયોજન સમિતિના કન્વીનર અવધેશાનંદજીએ કુંભમેળાના સમાપનની વિધિવત જાહેરાત આજે કરી હતી. આજે વહેલી સવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાધુ-સંતોને પ્રતિકાત્મક કુંભમેળાની લાગણીને સ્વીકારી સમાપન જાહેર કરવા વિનંતી કરી હતી. બપોરે કુંભમેળા સમિતિની બેઠકમાં વિષદ ચર્ચા બાદ અવધેશાનંદજીએ આજે વિધિવત જાહેરાત કરી હતી. અગાઉ નિરંજન અખાડાએ પણ ગઈકાલે કુંભમેળાના સમાપન માટે જાહેરાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે દેશભરમાંથી ઉમટેલા ભાવિકોમાં ૨૫૦૦થી વધારે શ્રધ્ધાળુઓ કોરોનાથી સંક્રમિત થયા છે અને ૪૦થી વધુ સાધુ-સંતો પણ કોરોનાથી સંક્રમિત થયા છે. આયોજકોમાં પણ સંક્રમણનું પ્રમાણ વધતા દેશભરમાં ભારે ચિંતા પ્રસરી હતી. દરેક પ્રદેશમાં કુંભમેળામાંથી પરત ફરતા ભાવિકોનો ટેસ્ટ ફરજિયાત બનાવાયો છે અને ૧૪ દિવસનું કવોરોન્ટાઈન ફરજીયાત બનાવાયું છે. આજે ગુજરાતમાં ૨૩ સુરતમાં અને ૧૩ યાત્રિકો અમદાવાદમાં પોઝિટીવ આવતા ખળભળાટ મચ્યો હતો.



## કુંભમાંથી પાછા ફરનારાને આઈસોલેટ કરવાના આદેશ

ગાંધીનગર, તા.૧૭

સૌરાષ્ટ્રના જામનગરમાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યું છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સહિતની રાજ્યકક્ષાની કોર કમિટીના સભ્યોએ આજે ૧૭ એપ્રિલના રોજ સવારે જામનગર કલેકટર કચેરી ખાતે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. જે બાદ સીએમ રૂપાણીએ મીડિયા સમક્ષ રુબરુ થઈને જાણકારી આપતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર રેમડેસિવીર ઈન્જેક્શનના ઉત્પાદન, હોસ્પિટલોમાં બેડ વધારવાની વ્યવસ્થા અંગે સતત પ્રયાસશીલ છે. આ સાથે જ તેમણે હરિદ્વારમાં યોજાઈ રહેલા કુંભ મેળામાંથી પરત ફરતા લોકને આઈસોલેટ કરવાનો નિર્દેશ આપ્યાની પણ વાત કરી હતી.

# દેશમાં ૫૭ ટકા વસ્તી ઘરોમાં કેદ

## કોરોનાનો કહેર, નવા ૨.33 લાખ કેસ, ૧,૩૪૦ નાં મોત

ન્યુ દિલ્હી, તા.૧૭

દેશમાં કોરોનાથી પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ચૂકી છે. કોરોનાવાયરસે આખા દેશને ઝપેટમાં લઈ લીધો છે. દરેક રાજ્યમાં, દરેક શહેરમાં પહેલાં કરતાં વધુ લોકો સંક્રમણની ઝપેટમાં આવી રહ્યા છે. પ્રથમ વખત એવું બન્યું જ્યારે એક દિવસમાં રેકોર્ડ ૨ લાખ ૩૩ હજાર ૭૫૭ લોકો પોઝિટિવ સામે આવ્યા. આ દરમિયાન ૧ લાખ ૨૨ હજાર ૮૩૯ દર્દી પણ રિકવર થયા હતા. દેશભરમાં અત્યારસુધીમાં ૧.૪૫ કરોડ લોકોને સંક્રમણ લાગ્યું છે. આ આંકડો આજે સાંજ સુધીમાં દોઢ કરોડને પાર થઈ જશે.

સંક્રમણને કારણે ૨૪ કલાકની અંદર ૧,૩૩૮ દર્દીનાં મૃત્યુ થયાં હતાં. આ મૃત્યુઆંક સત્તાવાર છે. સ્મશાનઘાટ અને કબ્રસ્તાનોમાં પહોંચતા મૃતદેહો આ કરતાં ઘણા વધારે છે. ત્યાંથી જે તસવીરો સામે આવી રહી છે એ ખરેખર ભયાનક છે. તમે સ્મશાનઘાટ અને કબ્રસ્તાનમાં લાગેલી લાંબી કતારો દ્વારા આનો અંદાજ લગાવી શકો છો.

૧ લાખ ૬૧ હજાર ૪૨૨ એટલે કે ૬૯.૦૫% નવા દર્દીઓ માત્ર ૭ રાજ્યમાં જ વધ્યા છે. આમાં સૌથી વધુ મહારાષ્ટ્રમાં, ૬૩,૭૨૯,, ઉત્તરપ્રદેશમાં ૨૭,૩૬૦, દેશની રાજધાની દિલ્હીમાં ૧૯,૪૮૬, કર્ણાટકમાં ૧૪,૮૫૯, છત્તીસગઢમાં ૧૪,૯૧૨, મધ્યપ્રદેશમાં ૧૧,૦૪૫ અને કેરળમાં ૧૦,૦૩૧ લોકોને સંક્રમણ લાગ્યું છે. આ રાજ્યોમાં જ સૌથી વધુ ૯૩૯ એટલે કે ૭૦.૧૭% જેટલાં મૃત્યુ નોંધાયાં છે.



દેશમાં આ બીમારીએ કેટલો ભરડો લીધો છે તેનો અંદાજ એ વાત પરથી જ લગાવી શકાય છે કે સ્મશાન ઘાટો પર મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે લાંબી લાઈનો લાગી છે. મોતના આંકડાની સાથે સાથે દેશમાં કોરોનાના નવા કેસ પણ રોકેટ ગતિએ વધી રહ્યા છે.

આજે કોરોના સંક્રમિત નવા કેસની સંખ્યાઓ ફરી રેકોર્ડ તોડ્યો છે. સ્વાસ્થ્ય વિભાગ તરફથી જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં ૨,૩૪,૮૯૨ નવા કેસ નોંધાયા છે. કોરોનાને પગલે દેશના મોટાભાગના હિસ્સાઓમાં કડક નિયમો લગાવવામાં આવ્યા છે. દેશમાં ૧૫ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં હાલ નાઈટ કર્ફ્યૂ અથવા વીકેન્ડ કર્ફ્યૂ લગાવવામાં આવ્યો છે. અલગ અલગ પ્રકારના પ્રતિબંધને પગલે દેશની અડધી (૫૭%) વસ્તી હાલ ઘરોમાં કેદ છે.

આજ પહેલા ભારતમાં છેલ્લે સૌથી વધારે મોત સપ્ટેમ્બરમાં નોંધાયા હતા, જે આંકડો ૧,૨૮૪ હતો. એક વિશ્લેષણ પ્રમાણે આગામી બે દિવસમાં દેશભરમાં ૭૦૦ મિલિયનથી વધારે લોકો સીમિત સમય માટે કર્ફ્યૂનો સામનો કરશે. હકીકતમાં ભારતમાં કોવિડ-૧૯ને પગલે જે પ્રકારની પરિસ્થિતિ ઊભી થઈ છે તેનાથી આવા પ્રતિબંધો જરૂરી બની ગયા છે.

# દેશમાં કોરોના વેક્સિનની અછત નથી : ડો. હર્ષવર્ધન

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષવર્ધને દાવો કર્યો છે કે, દેશમાં કોરોના વેક્સીનની કોઈ અછત નથી. તેમણે તમામ રાજ્યો સાથે એક બેઠક યોજી હતી અને તેમાં કહ્યુ હતુ કે, મોટા રાજ્યોને દર ચાર દિવસે અને નાના રાજ્યોને સાત દિવસે વેક્સીન ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં જો



કોઈ રાજ્યને વધારાની વેક્સીનની જરુરિયાત ઉભી થાય તો તે કેન્દ્ર સરકાર સાથે આ મુદ્દે ચર્ચા કરી શકે છે. ડો.હર્ષવર્ધને રાજ્યોને કહ્યુ હતુ કે, કોરોના માટે કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યોને સારૂ એવું ફંડ આપવામાં આવ્યુ છે. રાજ્યોએ તે ફંડનો સદુપયોગ કરવો જોઈએ. ઓક્સિજનના સપ્લાય માટે કેન્દ્ર દ્વારા ૩૦ એપ્રિલ સુધીનુ શિડ્યુલ તૈયાર કરાયુ છે અને ઓક્સિજનની ઉપલબ્ધતા અંગે સ્પષ્ટ પણે જાણકારી આપવામાં આવી છે. તેમણે કહ્યુ હતુ કે, રાજ્યોને ગયા વર્ષે પણ કોરોનાના દર્દીઓ માટે વેન્ટિલેટર આપવામાં આવ્યા હતા. હાલમાં પણ મહારાષ્ટ્ર, યુપી, ગુજરાત, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશ સહિતના રાજ્યો દ્વારા વેન્ટિલેટર માંગવામાં આવ્યા છે. જે જલ્દી પૂરા પાડવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે, લોકોએ કોરોના પ્રત્યે દાખવેલી બેદરકારી ભારે પડી રહી છે. સંક્રમણની ચેન તોડવા માટે કોરોનાના નિયમોનુ પાલન કરવુ બહુ જ જરુરી છે. ભારતના ૫૨ જિલ્લા એવા છે જ્યાં સાત દિવસથી કોઈ નવો કેસ આવ્યો નથી. ચાર જિલ્લા એવા છે જ્યાં ૨૧ દિવસથી કોઈ નવો મામલો સામે નથી આવ્યો છે. ૪૪ જિલ્લામાં તો ૨૮ દિવસથી કોઈ નવો દર્દી નોંધાયો નથી.


લોહાણા ટેલિફોનિક બેસણું

તમારું જીવન અમારી પ્રેરણા હતું. તમારા આદર્શો અમારા માર્ગદર્શન હતા.
અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભૂલીશું નહી.
ભગવાન તમારા આત્માને શાંતિ આપે.



અમારા પિતાશ્રી
સ્વ.રમેશભાઈ રામજીભાઈ તન્ના
(રીટાયર્ડ ઓફિસર, મધુર ડેરી, ગાંધીનગર)
તા.૧૫/૦૪/૨૦૨૧ને ગુરૂવારના રોજ દેવલોક પામ્યાં છે.

વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સદ્‌ગતનું ટેલિફોનીક બેસણું
તા.૧૮/૦૪/૨૦૨૧, રવિવારે બપોરે ૩ થી ૫ કલાકે રાખેલ છે.

ગં.સ્વ.શોભાબેન રમેશભાઈ તન્ના (પત્ની) (૯૯૭૯૧ ૪૨૧૯૫)
હરનીશ રમેશભાઈ તન્ના (પુત્ર) (૯૯૭૪૦ ૪૨૧૯૫)
સોનલ હરનીશ તન્ના (પુત્રવધુ) (૯૯૨૫૯ ૨૫૦૪૬)
ભુમિકા જતીનકુમાર પટેલ (પુત્રી) (૯૯૭૪૦ ૪૫૪૬૬)
જતીનકુમાર હરિભાઈ પટેલ (જમાઈ) (૯૮૯૮૧ ૬૨૯૧૯)
દિપેશભાઈ રામજીભાઈ તન્ના (ભાઈ)
કોકીલાબેન મનસુખલાલ સેતા (બહેન)
કીર્તીભાઈ રામજીભાઈ તન્ના (ભાઈ)
સ્વ.હંસાબેન રમેશકુમાર ચોલેરા (બહેન)


# લાલુ યાદવને શરતી જામીન

રાંચી, તા.૧૭

ચર્ચિત ઘાસચારા કૌભાંડ મામલે લાલુ યાદવને મોટી રાહત મળી છે. રાંચી હાઈકોર્ટે શરતોને આધિન રાજદ સુપ્રીમો અને પૂર્વ મુખ્યમંત્રીને જામીન આપ્યા છે. આ મામલે ૯ એપ્રિલે પણ સુનાવણી થવાની હતી, પરંતુ સીબીઆઈએ જવાબ રજૂ કરવા માટે કોર્ટ પાસેથી સમય માંગ્યો હતો. હાલ લાલુ યાદવની દિલ્હી એમ્સમાં સારવાર ચાલી રહી છે. લાલુ યાદવના જામીન અંગે નિર્ણય સંભળાવતાં રાંચી હાઈકોર્ટે આદેશ કર્યો કે, જામીન માટે લાલુ યાદવને એક લાખ રૂપિયાના બોન્ડ આપવા પડશે. દંડમાં દસ લાખ રૂપિયા જમા કરવા પડશે. સાથે જ તેમણે પોતાનું પાસપોર્ટ જમા કરાવવું પડશે. કોર્ટની પરવાનગી વગર તેઓ વિદેશ નહીં જઈ શકે. પોતાનું સરનામું અને મોબાઈલ નંબર પણ બદલી નહીં શકે.

# સોનુ સુદ કોરોનાની લપેટમાં

મુંબઈ, તા.૧૭

તાજેતરમાં જ સોનુ સૂદે ટ્વિટર પર ફેન્સને જાણકારી આપી છે કે, તે પોતે પણ કોરોનાથી સંક્રમિત થયો છે. તેણે લખ્યું છે કે, સુરક્ષાના ભાગ રુપે હું ક્વોરન્ટાઈન થયો છું અને કાળજી રાખી રહ્યો છું.


મારૂતિ સોફા
વોશીંગ & રીનોવેશન
સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ
ફ્રી હોમ સર્વિસ
ગેરન્ટી સાથે
9924244216, 9924244276
મોકાસણવાળા

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬





